CA PRADIP PATEL

# ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી ૨૦૨૦
# ઉદ્યોગો માટે સબસીડી અને અન્ય સહાય

## મોટા ઉદ્યોગો

મોટા ઉદ્યોગોને **કેપિટલ સબસીડી** તરીકે ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ(FCI) **મૂડીરોકાણના 12%** સબસીડી.

## નાના ઉદ્યોગો (MSME)

નાના ઉદ્યોગોને (MSME) **કેપિટલ સબસીડી:** નાના ઉદ્યોગો ને લોન ની રકમના **25% સુધીની** અને મહત્તમ 35 લાખ સુધીની કેપિટલ સબસીડી મળવાપાત્ર રહેશે.

નાના ઉદ્યોગોને (MSME) **વ્યાજ સબસીડી:** નાના ઉદ્યોગોને 7 વર્ષના સમયગાળા સુધી પ્રતિ વર્ષ ટર્મ લોન પર લાગતા **વ્યાજના દરના 7% સુધી** અને મહત્તમ 35 લાખ સુધીની વ્યાજ સબસીડી મળવાપાત્ર રહેશે.

## ઈલેક્ટ્રિસિટી ડ્યુટી

નવા ઉદ્યોગોને પાંચ વર્ષ માટે **ઈલેક્ટ્રિસિટી ડ્યુટી ભરવામાંથી છૂટ.**

## એક્ઝિબિશન સ્ટોલ નું ભાડું

MSMEs ને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના ઉત્પાદનોનું માર્કેટિંગ કરવા પ્રોત્સાહિત કરવા માટે, **ભારતમાં** યોજાયેલા એક્ઝિબિશનમાં MSMEsને સ્ટોલ નાખવાના કુલ **ભાડાના 75% નાણાકીય સહાય** (મહત્તમ 2 લાખ) અને **ભારતની બહાર** યોજાયેલા એક્ઝિબિશનમાં સ્ટોલ નાખવાના કુલ **ભાડાના 60%** નાણાકીય સહાય (મહત્તમ 5 લાખ) અપાશે.

## સેવા ક્ષેત્રના MSMEs

સેવા ક્ષેત્રના MSMEs: આ MSMEs ને **7% સુધીની વ્યાજ સબસીડી** આપવાની જોગવાઈ કરવામાં આવી છે, જેમાં નાણાકીય સેવાઓ, આરોગ્યલક્ષી સેવાઓ, દ્રશ્ય-શ્રાવ્ય સેવાઓ, કંસ્ટ્રક્શન સંબંધિત એન્જિનિયરિંગ સેવાઓ, પર્યાવરણીય સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે.

fb.com/capradip.in | www.capradip.in

## રૂફટોપના ઉપયોગથી સોલર પાવર

MSMEs પાસેથી વધારાની સૂર્યઊર્જા (સરપ્લસ સોલર પાવર) ખરીદવા માટેની કિંમત 1.75 પ્રતિ યુનિટથી વધારીને 2.25 પ્રતિ યુનિટ કરી દેવામાં આવી છે.

પ્રવર્તમાન ઉદ્યોગોમાંથી જે સૂર્યઊર્જાનો ઉપયોગ કરવાનું શરૂ કરે, તેમને ટર્મ લોન પર ઈન્ટરેસ્ટ સબસીડી આપવામાં આવશે.

## સ્ટાર્ટઅપ

સ્ટાર્ટઅપને સીડ સપોર્ટ 20 લાખથી વધારીને 30 લાખ સુધીનો કરવામાં આવ્યો છે.
સ્ટાર્ટઅપ એકમને આપવામાં આવતા સસ્ટેનન્સ એલાઉન્સને એક વર્ષ માટે 10,000 પ્રતિ માસથી વધારીને 20,000 કરવામાં આવ્યું છે.
સ્ટાર્ટ-અપ્સના મિડ-લેવલ પ્રી-સીરીઝ A ફંડિંગ માટે, ગુજરાત વેન્ચર ફાઈનાન્સ લિમિટેડ(GVFL) હેઠળ એક અલગ ફંડનું નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત, સ્ટાર્ટ-અપ્સને 1% વધારાની ઈન્ટરેસ્ટ સબસીડી આપવામાં આવશે. (એટલેકે ટર્મ લોન પર 9% સુધી.)

fb.com/capradip.in | www.capradip.in

# ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી ૨૦૨૦

## નાના ઉદ્યોગો (MSME) માટે કેપિટલ સબસિડી

| તાલુકા | લોન રકમ ની સબસિડી % | મહતમ સબસિડી લીમીટ |
|---|---|---|
| કેટેગરી I | 25% | 35 લાખ |
| કેટેગરી II | 20% | 30 લાખ |
| કેટેગરી III અને મ્યુનિસિપલ એરિયા | 10% | 10 લાખ |

## નાના ઉદ્યોગો (MSME) માટે વ્યાજ સબસિડી

| તાલુકા | વ્યાજ સબસિડી % | મહતમ સબસિડી લીમીટ (વાર્ષિક) |
|---|---|---|
| કેટેગરી I | 7% | 35 લાખ |
| કેટેગરી II | 6% | 30 લાખ |
| કેટેગરી III અને મ્યુનિસિપલ એરિયા | 5% | 25 લાખ |

## રાજકોટ તાલુકા કેટેગરી લીસ્ટ

| કેટેગરી I | કેટેગરી II | કેટેગરી III |
|---|---|---|
| વિંછીયા | જસદણ | પડધરી |
| જામકંડોરણા | ઉપલેટા | લોધીકા |
| | ધોરાજી | રાજકોટ |
| | જેતપુર | કોટડા સાંગાણી |
| | ગોંડલ | |

ગુજરાત તાલુકા કેટેગરી લીસ્ટ

ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી ૨૦૨૦



fb.com/capradip.in | www.capradip.in